(૫૦)

**પ્ર.૧ (અ) નીચેના પાઠની પૂર્તિ કરો.** **(૧૪)**

૧. વાયણા **પુચ્છણા પરિયટ્ટણા ધમ્મકહા ધમ્મસ્સ ઝાણસ્સ** ચત્તારિ

૨. રયહરણ **ગુચ્છગ પડિગ્ગહધારા પંચ મહવ્વય ધારા** અટ્ઠારસ્સ

૩. ક્રોધ **માન માયા લોભ રાગ** દ્વેષ

૪. સિરસાવત્તં **મત્થએ અંજલિ કટ્ટુ એવં વયાસી નમોત્થુણં** અરિહંતાણં

૫. સાઈમં **અન્નત્થણાભોગેણં સહસાગારેણં મહત્તરાગારેણં સવ્વ સમાહિ** વત્તિયાગારેણં

૬. એવમહં **આલોઈય નિંદિય ગરહિય દુગંછિય** સમ્મં

૭. મુજથી **તુમથી દાને શીલે તપે** ભાવે

**(બ) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો.** **(૭)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. ભોયણા ઉ ય | **ભોજન સંબંધી અને** | ૨. થાપણમોસો | **થાપણ ઓળવવા સંબંધી જૂઠ** |
| ૩. મચ્છરિયાએ | **દાન આપી અહંકાર કર્યો હોય** | ૪. હિંસપ્પયાણં | **હિંસા થાય તેવા શસ્ત્રો આપવાથી** |
| ૫. અવિરાહિઓ | **વિરાધના રહિત, અખંડિત** | ૬. ઠાએમિ | **એક સ્થાને બેસીને કરું છું** |
| ૭. મણિસોવન્ન | **ઝવેરાત, સોનું વગેરે** | | |

**(ક) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો.** **(૮)**

| | મૂળ પાઠ | | મૂળ પાઠ |
|---|---|---|---|
| ૧. ખાતર પાડી | **ખાતરખણી** | ૨. એક દિવસ અને રાત્રિ | **જાવ અહોરત્તં** |
| ૩. ભાવથી આપતો થકો | **પડિલાભેમાણે** | ૪. મોટા પાતાળ કળશા સમાન | **પેયાલા** |
| ૫. સૂત્ર અને અર્થરૂપ આગમ | **તદુભયાગમે** | ૬. અપરાધ થયો હોય. | **વઈક્કમં** |
| ૭. કઠોળની જાત માપની મર્યાદા | **સૂપ વિહિં** | ૮. જાણી જોઈને ઈરાદાપૂર્વક | **આકુટ્ટી** |

**(ડ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૬)**

૧. પરમાર્થ કોને કહેવાય છે? પરપાખંડ એટલે શું?

**જ. નવ તત્ત્વ આદિ વિસ્તૃત સમજણને પરમાર્થ કહે છે. પરપાખંડ એટલે જિનેશ્વરે બતાવેલા ધર્મ સિવાયના અન્ય ધર્મો.**

૨. પૌષધવ્રતમાં શેના શેના પચ્ચકખાણ કરવામાં આવે છે?

**જ. ચારે આહારના, અબ્રહ્મ ન સેવવાના, ઝવેરાત અને સુવર્ણ સાથે ન રાખવાના, ફૂલની માળા ન પહેરવાના, ચંદન આદિનું વિલેપન નહિ કરવાના, શસ્ત્ર, સાંબેલા વગેરેથી થતા ૧૮ પ્રકારના પાપકારી કાર્ય કરવાના પચ્ચકખાણ કરવામાં આવે છે.**

૩. સાધુ અને શ્રાવકની સામાયિક કેટલી કોટિથી લેવામાં આવે છે?

**જ. સાધુની સામાયિક ૩ કરણ અને ૩ યોગથી એમ ૯ કોટિથી કરવામાં આવે છે. શ્રાવકની સામાયિક સામાન્ય રીતે ૨ કરણ અને ૩ યોગથી એમ ૬ કોટિથી અથવા ૮ કોટિથી કરવામાં આવે છે.**

૪. બારમા વ્રતમાં શેની ભાવના ભાવવામાં આવે છે? પાઢિયારી વસ્તુ એટલે શું? તે કેટલી છે?

**જ. અતિથિ સંવિભાગની ભાવના ભાવવામાં આવે છે. પાઢિયારી વસ્તુ એટલે જે વસ્તુઓને સાધુ–સાધ્વીજી વહોરી લીધા પછી પોતાના ઉપયોગમાં લઈને પાછી આપી દે છે. તે ૬ છે.**

૫. મુનિજીવનના સેમ્પલનું વ્રત કયું? તે કેટલી કોટિથી અને કેટલા સમય માટે ગ્રહણ કરવામાં આવે છે?

**જ. દેશાવગાસિક વ્રત. તે છ અને ત્રણ કોટિથી લેવામાં આવે છે. જાવ અહોરત્તં એટલે એક દિવસ અને એક રાત્રિ માટે ગ્રહણ કરવામાં આવે છે.**

૬. બીજું અણુવ્રત શેના વિશેનું છે? મોટા જૂઠ કેટલા પ્રકારના છે? કયા કયા?

**જ. મોટા જૂઠથી નિવૃત્ત થવાનું છે. પાંચ પ્રકારના – કન્નાલિક, ગોવાલિક, ભોમાલિ, થાપણમોસો, મોટકી કૂડી શાખ.**

૭. ઉચ્ચાર શુદ્ધિ માટે કઈ વાતોનું ધ્યાન રાખવું જોઈએ?

**જ. પાઠનો કાનો, માત્રા, મીંડું, પદ, અક્ષર વગેરે ધ્યાનથી વાંચવું અને બોલવું જોઈએ. જેમ કે – ચેઈયં શબ્દની જગ્યાએ ચેવયં શબ્દ બોલે તો દોષ લાગે છે. શુદ્ધિ જાળવવા નિયમિત પાઠ ફેરવવા (પરિયટ્ટણા) જોઈએ.**

૮. દિશા પરિણામથી શું લાભ થાય છે?

**જ. લોક અસંખ્યાત ક્રોડાક્રોડી વિસ્તારવાળો છે. દિશાઓની મર્યાદા કરવાથી મર્યાદાની બહાર જવાનો ત્યાગ થવાથી તે જગ્યાએ થતી હિંસા આદિ પાપોનો મોટો કર્મબંધ અટકે છે.**

**(ઇ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૫)**

૧. ધર્મધ્યાનની અનુપ્રેક્ષા કઈ કઈ છે? (૨×૨)

**જ. એગચ્ચાણુપ્પેહા, અણિચ્ચાણુપ્પેહા, અસરણાણુપ્પેહા, સંસારાણુપ્પેહા.**

૨. સમકિત સહિત ...... આજ્ઞા આરાધવી.

**જ. સમકિત સહિત શ્રાવકના ૧૨ વ્રત, ૧૧ પડિમા સાધુજીના પંચ મહાવ્રત તથા ૧૨ ભિક્ષુની પડિમા. શુભ ધ્યાન, શુભ જોગ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને છકાય જીવની રક્ષા એ વીતરાગદેવની આજ્ઞા આરાધવી.**

૩. ઊર્ધ્વલોકમાં કુલ કેટલા વિમાન છે? લોકાગ્રે શું છે? (૧)

**જ. ઊર્ધ્વલોકમાં કુલ ૮૪,૯૭,૦૨૩ વિમાનો છે. લોકાગ્રે સિદ્ધક્ષેત્ર છે.**

〔30〕

**પ્ર.૨ (અ) ૩૫ બોલના આધારે લખો.**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૬)**

૧. ગુણસ્થાન કેટલા છે? ૭ થી ૧૨ ના નામ લખો.

**જ. ૧૪. ૭) અપ્રમત્ત સંજતિ ૮) નિવૃત્તિ બાદર ૯) અનિવૃત્તિ બાદર ૧૦) સૂક્ષ્મ સંપરાય ૧૧) ઉપશાંત મોહનીય ૧૨) ક્ષીણ મોહનીય.**

૨. પર્યાપ્તિ અને અનુયોગ એટલે શું?

**જ. પર્યાપ્તિ – જીવની પૌદ્ગલિક શક્તિ જેના દ્વારા જીવ આહારાદિના પુદ્ગલોને શરીર, ઈન્દ્રિય આદિ રૂપમાં બદલવવાની ક્રિયા પૂર્ણ કરે તેને પર્યાપ્તિ કહે છે. અનુયોગ – વસ્તુના વિશેષ સ્પષ્ટીકરણને અનુયોગ કહે છે.**

૩. વ્યાખ્યા લખો – ભાવના, પ્રમાણ.

**જ. ભાવના – જેમાં આત્માના પ્રશસ્ત (સારા) ભાવ પ્રગટ થાય. પ્રમાણ – જેનાથી અર્થ, પદાર્થ જાણી શકાય.**

૪. ૬ અને ૮ બોલ આવતા હોય તેવા બોલના નામ લખો.

**જ. ૬ બોલ આવતા હોય તેવા નામ – ત્રીજે બોલે કાય ૬, પાંચમે બોલે પર્યાપ્તિ ૬, સત્તરમે બોલે લેશ્યા ૬**
**૮ બોલ આવતા હોય તેવા નામ – દશમે બોલે કર્મ ૮, પંદરમે બોલે આત્મા ૮**

૫. કર્મ એટલે શું? મનના યોગ કેટલા? કયા ?

**જ. કર્મ એટલે મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગના કારણે જીવ સાથે જે બંધાય છે તે.**
**મનના યોગ – ૪ સત્ય મનયોગ, અસત્ય મનયોગ, મિશ્ર મનયોગ, વ્યવહાર મનયોગ.**

૬. નયના નામ લખો.

**જ. નૈગમ નય, સંગ્રહ નય, વ્યવહાર નય, ઋજુસૂત્ર નય, શબ્દ નય, સમભિરૂઢ નય, એવંભૂત નય.**

૭. ચૌદમો બોલ કયો છે? તેના બોલ કેવી રીતે થાય છે? માત્ર સંખ્યા લખો.

**જ. નવ તત્ત્વના જાણપણાના ૧૧૫ બોલ – જીવ તત્ત્વના ૧૪ ભેદ, અજીવ તત્ત્વના ૧૪ ભેદ, પુણ્ય તત્ત્વના ૯ ભેદ, પાપ તત્ત્વના ૧૮ ભેદ, આસ્રવ તત્ત્વના ૨૦ ભેદ, સંવર તત્ત્વના ૨૦ ભેદ, નિર્જરા તત્ત્વના ૧૨ ભેદ, બંધ તત્ત્વના ૪ ભેદ, મોક્ષ તત્ત્વના ૪ ભેદ.**

૮. સાતમે, તેરમે, ત્રેવીસમે અને ચોત્રીસમે બોલે શું? બોલનું માત્ર નામ લખો.

**જ. સાતમે બોલે શરીર ૫, તેરમે બોલે મિથ્યાત્વ ૨૫, ત્રેવીસમે બોલે સાધુના ૫ મહાવ્રત. ચોત્રીસમે બોલે પાખંડીના ૩૬૩ ભેદ.**

**(૨) જોડકા જોડો. (૪)**

| (અ) | (બ) | જવાબ |
|---|---|---|
| ૧. સમકિત | ૧. અનુયોગ | **૪. દષ્ટિ** |
| ૨. કસાયેલો | ૨. શ્રાવકના ગુણ | **૬. રસનેન્દ્રિય** |
| ૩. દ્રવ્ય | ૩. રસ | **૧. અનુયોગ** |
| ૪. વાઉ | ૪. દષ્ટિ | **૭. કાય** |
| ૫. લજ્જાવાન | ૫. સમવાય | **૨. શ્રાવકના ગુણ** |
| ૬. ચક્ષુદર્શન | ૬. રસનેન્દ્રિય | **૮. ઉપયોગ** |
| ૭. ભયાનક | ૭. કાય | **૩. રસ** |
| ૮. નિયતિ | ૮. ઉપયોગ | **૫. સમવાય** |

**(બ) સંસ્કાર વિભાગના આધારે લખો. (૧૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૮)**

૧. ફટાકડાથી પક્ષીઓને શું નુકસાન થાય છે?

**જ. પક્ષીઓ અંધારામાં અથડાય, તેમના ઈંડા ફૂટી જાય, ઈલેકટ્રિક વાયર પર બેસતા, શોક લાગતા ગંભીર રીતે મરે, માળામાં આગ લાગતા દાઝી જાય.**

૨. ટી.વી. જોવાથી હિંસાની અનુમોદનાનું પાપ કેવી રીતે લાગે છે?

**જ. ટી.વી., સિનેમાના કલાકારો માટે માંસ, માછલી, ઈંડા વગેરે અભક્ષ્ય વસ્તુઓનો ઉપયોગ કરવામાં આવે છે. આપણે તે વસ્તુઓ ખાતા નથી છતા તેની હિંસાની અનુમોદનાનું ભયંકર પાપ આપણને લાગે છે.**

૩. પ્રશંસા એટલે શું? ગુસ્સાના આવેશથી કોને નુકસાન થાય છે? ક્રોધ અને માનને જીતવા શું કરવું?

**જ. પ્રશંસા એટલે સામી વ્યક્તિના સાચા ગુણો શોધી કાઢીને તેના વખાણ કરવા. ગુસ્સાના આવેશથી ગુસ્સો કરનારને નુકસાન થાય છે. ક્રોધને જીતવા ક્ષમા રાખવી અને માનને જીતવા નમ્રતા રાખવી.**

૪. શ્રેષ્ઠ ધર્મ કોને કહે છે? શ્રેષ્ઠ ધર્મ કયો છે? તે ધર્મ કોણે બતાવેલો છે?

**જ. જે ધર્મ આત્માને કર્મ રહિત બનાવી મોક્ષ અપાવે તે શ્રેષ્ઠ ધર્મ છે. તે જૈનધર્મ છે. તે ધર્મ કેવળજ્ઞાનીઓએ બતાવેલો છે.**

**(૨) સાચું છે કે ખોટું? તે લખો. (૨)**

| | જવાબ |
|---|---|
| ૧. અભિમાન કરનાર પોતાના મિત્રોને ગુમાવે છે. | **સાચું** |
| ૨. મોક્ષમાં જવાનો માર્ગ બૌદ્ધ ધર્મ બતાવે છે. | **ખોટું** |
| ૩. ફટાકડા ફોડવાથી પાપનો નાશ થાય છે. | **ખોટું** |
| ૪. જગતની વસ્તુ મને સુખી બનાવે છે. | **ખોટું** |

**(૧૦)**

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

**(ક) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૬)**

૧. રાજા મેઘરથના ગુણની પ્રશંસા દેવલોકમાં કોણે કરી? તેમના કયા ગુણની પ્રશંસા કરી? (૧×૨)

**જ. રાજા મેઘરથના ગુણની પ્રશંસા બીજા દેવલોકમાં ઈશાનેન્દ્રે કરી. અનુકંપા અને શરણાગતની સુરક્ષા.**

૨. રોહિણેય ચોરે પોતાના પિતાને શું વચન આપ્યું હતું?

**જ. ભગવાન મહાવીરની વાણી કદી પણ નહિ સાંભળું એવું વચન આપ્યું હતું.**

૩. સંગમનો જીવ ક્યાં ઉત્પન્ન થયો? તેમનું નામ શું પાડ્યું? શા માટે? (૨×૨)

**જ. સંગમનો જીવ રાજગૃહ નગરમાં ગોભદ્ર શેઠની ભદ્રા નામની પત્નીના ગર્ભમાં ઉત્પન્ન થયો. તેમનું નામ શાલિભદ્ર પાડ્યું કારણ કે માતાએ સ્વપ્નમાં પાકેલી શાલિનું ક્ષેત્ર જોયું.**

૪. નાગશ્રીએ તુંબીનું બધું શાક કેમ વહોરાવી દીધું?

**જ. રસોઈ બનાવવાની ઉતાવળમાં નાગશ્રી તુંબું ચાખવાનું ભૂલી ગઈ. શાક બનાવ્યા પછી શાકનું એક ટીપું ચાખ્યું તો કડવું ન ખાવા જેવું અને ઝેર જેવું લાગ્યું. પોતાની મશ્કરી ન થાય અને પોતાની ભૂલ છુપાવવા તેણે તુંબીનું બધું શાક વહોરાવી દીધું.**

**(ખ) કોણ બોલે છે અને કોને કહે છે?** **(૪)**

| | **જવાબ** |
|---|---|
| ૧. આ શાકને અચેતભૂમિ પર જતનાપૂર્વક પરઠી દો. | **ધર્મઘોષ આચાર્ય ધર્મરૂચિ અણગારને કહે છે.** |
| ૨. ક્ષત્રિય પુત્ર શરણે આવેલાનું રક્ષણ કરે છે. | **રાજા મેઘરથ બાજને કહે છે.** |
| ૩. શ્રેણિક રાજા પધાર્યા છે, તમે નીચે આવો. | **ભદ્રા માતા શાલિભદ્રને કહે છે.** |
| ૪. મેં મનુષ્યભવમાં કેવળ ધર્મ જ કર્યો છે. | **રોહિણેય ચોર દેવી બનેલી દાસીઓને કહે છે.** |

**(૧૦)**

**પ્ર.૪ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

| | **જવાબ** |
|---|---|
| ૧. મૃગનયણી ........ પાપથી. | **પાના નં. ૧૩૪ કડી ૧૪** |
| ૨. હું કામધેનુ ......... કરુણા કંઈ. | **પાના નં. ૧૩૫ કડી ૧૯** |
| ૩. મેં પરભવે ......... રહ્યો. | **પાના નં. ૧૩૫ કડી ૨૩** |
| ૪. સીમંધર ......... શીશ. | **પાના નં. ૧૩૬ કડી ૩/૪** |
| ૫. મુનિવર ......... કુમાર. | **પાના નં. ૧૩૬ કડી ૧૪/૧૪** |

**જય – જિનેન્દ્ર**